# P. S. SCIENCE & H. D. PATEL ARTS COLLEGE, KADI

Internal Examination

B.A. Semester - V [Mark : 40

28-9-2016] Gujarati : CC-510 [11-00 to 12-30

1. **કાવ્યનું રસદર્શન કરો.** 14

ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના,
ઘરમાં સૂતી સાંભળું રે બોલ વાલમના
ગામના પાદર ઘૂઘરા વાગે,
ઊંઘમાંથી મારાં સપનાં જાગે,
સપનાં રે બોલ વાલમના,
ઊંબરે ઊભી સાંભળું રે બોલ વાલમના.

કાલ તો હવે વડલાડાળે ઝૂલશું લોલ
કાલ તો હવે મોરલા સાથે કૂદશું લોલ
કૂદતાં કાંટો વાગશે મને
ઝૂલતાં ઝોકો વાગશે મને,
વાગશે રે બોલ વાલમના.....
ઘરમાં સૂતી સાંભળું રે લોલ વાલમના.

આજની જાદુઈ ગોફણ ઘાલી વીંઝશું લોલ,
વાડને વેલે વાલોળ પાપડી વીણશું લોલ,
વીંઝતાં પવન અડશે મને,
વીણતાં ગવન નડશે મને,
નડશે રે બોલ વાલમના
ઊંબરે ઊભી સાંભળું રે લોલ વાલમના
ઘરમાં સૂતી સાંભળું રે લોલ વાલમના.

**- મણિલાલ દેસાઈ**



[P.T.O.

**અથવા**

આપણું હૃદય ખોલીએ ના કંઈ, વેણને રે'વું ચૂપ
        નેણ ભરીને જોઈ લે, વીરા !
વ્હેણનાં પાણી ઝીલનારું તે સાગર છે વા કૂપ.
        વન-વેરાને મારગ વિજન,
સીમ જ્યાં સૂની ગુંજતી કેવળ આપણું ગાયું ગાન;
        ગામને આરે હોય બહુજન
લખનો મેળો મળિયો રે ત્યાં કોણને કોની તાન!
        માનમાં જવું એકલવીરા!
તારલિયો અંધાર કે ઓઢી રણનો દારુણ ધૂપ.
        આપણી વ્યથા
અવરને મન રસની કથા, ઈતર ના કંઈ તથા,
        જીરવી એને જાણીએ, વીરા!
પ્રાણ જલન હોય ને તોયે ધારીએ શીતલ રૂપ.

**- રાજેન્દ્ર શાહ**

**2. અર્થ-વિસ્તાર લખો. (ગમે તે ત્રણ)** 14

(૧) 'વિપદ પડે ના વલખીએ, વલખે વિપદ ના જાય;
વિપદે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપદને ખાય.'

(૨) 'હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની,
ને જે અસુંદર રહી તેહ સર્વને -
        મૂકું કરી સુંદર ચાહી ચાહી'

(૩) 'જે દુઃખનું કંઈ નામ નહીં તે કેમ કરીને કહેવું ?
નામ વગરની નદીઓને તો છાનામાના વહેવું
વસ્તર નીચે અસ્તર જેવું દુઃખ દબાવી રહેવું.'

(૪) 'ઉત્તમ વસ્તુ અધિકાર વિના તદપિ અર્થ ના સરે;
મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.'

(૫) 'આપણે ભરોસે આપણે હાલીએ
હો, ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.'

**3. નીચેના પરિચ્છેદનો સંક્ષેપ કરો.** **12**

સત્ય એ પારસમણિ-રૂપ છે, જે કામધેનુરૂપ છે. તે જડે કેમ ? તેનો જવાબ ભગવાને આપ્યો છે. અભ્યાસ અને વૈરાગ્યથી, સત્યની જ તાલાવેલી તે અભ્યાસ, તે વિના બીજી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. છતાં એકનું સત્ય તે બીજાનું અસત્ય એમ આપણે જોયા કરીશું, જ્યાં પ્રયત્ન છે ત્યાં નોખાં જણાતાં બધાં સત્ય તે એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે. છતાં તે એક જ છે. એમ આપણે જાણીએ છીએ. પણ સત્ય નામ જ પરમેશ્વરનું છે. તેથી તેને જે સત્ય ભાસે તે પ્રમાણે વર્તે તેમાં દોષ નથી. કેમ કે, સત્યની શોધની પાછળ તમભર્યા હોય, એટલે પોતે દુઃખ સહન કરવાનું હોય. તેની પાછળ મરવાનું હોય, એટલે તેમાં સ્વાર્થની તો ગંધ સરખી યે ન હોય આવી નિઃસ્વાર્થ શોધ કરતાં આજ લગી કોઈ માર્ગે છેવટ લગી ગયું નથી. આડે જાય કે ઠોસ વાગી જ છે; તેથી સત્ય આરાધના એ ભક્તિ છે, ને ભક્તિ તો 'શીશતણું સાટું' છે.

**અથવા**

આ સંસાર બહુ દુઃખથી ભરેલો છે. એમાંથી જ્ઞાનીઓ તરીને પાર પામવા પ્રયોજન કરે છે. મોક્ષને સાધી તેઓ અનંત સુખમાં બિરાજમાન થાય છે. એ મોક્ષ બીજા કોઈ દેહથી મળનાર નથી. દેવ, કે નરકમ એ એકેય ગતિથી મોક્ષ નથી; માત્ર માનવદેહથી જ મોક્ષ છે. ત્યારે તમે પૂછશો કે સઘળાં માનવીઓનો મોક્ષ કેમ થતો નથી? એનો ઉત્તર પણ હું કહી દઉં. જેઓ માનવપણું સમજે છે તેઓ સંસાર શોકને તરી જાય છે. માનવપણું વિદ્વાનો એને કહે છે કે, જેનામાં વિવેકબુદ્ધિ ઉદય પામી હોય તે વડે સત્યાસત્યનો નિર્ણય સમજીને પરમતત્વ, ઉત્તમ આચાર અને સત્ ધર્મનું સેવન કરીને તેઓ નુપમ મોક્ષને પામે છે. મનુષ્યના શરીરના દેખાવ ઉપરથી વિદ્વાનો તેને મનુષ્ય કહેતા નથી. પરંતુ તેના વિવેકને લઈને કહે છે. બે હાથ, બે પગ, બે આંખો, બે કાન, એક મુખ, બે હોઠ અને એક નાક એ જેને હોય તેને મનુષ્ય કહેવો એમ આપણે સમજવું નહીં. જો એમ સમજીએ તો પછી વાંદરાને પણ મનુષ્ય ગણવો જોઈએ. એણે પણ એ પ્રમાણે સઘળું પ્રાપ્ત કર્યું છે. વિશેષમાં એક પૂંછડું પણ છે. ત્યારે શું એને મનુષ્ય કહેવો? નહીં, માનવપણું સમજે તે જ માનવ કહેવાય.

---